જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । શનિવાર । તા. ૨૭-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કથિત ગવર્મેન્ટ પોલીટેક્નિક કોલેજો બની ભ્રષ્ટાચાર ના અખાડા?

ગુજરાત સરકાર ,સરકારી ટેકનીકલ કોલેજો ને અને વિદ્યાર્થીઓ ને લાખો કરોડો ગ્રાન્ટ આપેછે વિદ્યાર્થીઓ ને રહેવા ની મફત સુવિધા કે આંશિક ભાડે હોસ્ટેલ ફેસિલિટી ,કેન્ટીન ફેસિલિટી થી લઈ પુસ્તકો માટે પણ ગ્રાન્ટ આપે છે કે શિષ્યવૃત્તિ આપે છે પણ આ સરકારી નાણાં પર પણ કોલજો ના આચાર્યો અને રેકટરો ની આંખ આડે કાન કરવાની વૃત્તિ માં સરકારી પૈસા નો વેડફાટ થઈ રહ્યો હોવાની ચર્ચા ચગડોળે ચડી છે.





કોલેજો માં રહેવાની રૂમો હોવા છતાં માત્ર હાજરી પરજ કામ ચાલતું હોવાનું ચર્ચાય છે.જે વિદ્યાર્થીઓ ને રહેવા ની પરમીશન ન એવા બહારનાવિદ્યાર્થીઓ કે અન્યો પણ ત્યાં રહે છે તેવી ચર્ચા ચાલે છે.મોડી રાત કહેવાય સુધી ચર્ચાય છે કે વાંચન ને બદલે ધમાલ મસ્તી મચે છે

કથિત કોલેજ ની સિક્યોરિટી કે રેક્ટર એટલે ગૃહપતિ. જેની હાજરી પણ પાંખી હોય તેની ચાડી ખાય છે , ત્યારે સરકારી શિષ્ય વૃત્તિ લઈ ભણવાને બહાને થતાં જલસા ની પોલ ખોલતો હોય તો નવાઈ નહીં ,ત્યારે આ વિષયે આવનાર દિવસો માં જમવાના બિલ પણ હાજરી ની પોલ ખોલે કેમકે વિદ્યાર્થી ત્યાં રહેછે એ નો પુરાવો કેન્ટીન કોન્ટ્રાકટર ના જમવાના બિલ પરથી મળે તો શુ કેન્ટીન ના દર મહિના ના બિલ ની ચકાસણી કે તુલના વિધાયર્થીઓ ની સાચી હાજરી સાથે થાય છે કે લાખોના ખર્ચે બાંધેલ કેન્ટીન ના ચલાવનાર બિલ પણ ખોટા આપે છે તેની પણ તપાસ થાય તો ભાંડો ફૂટે તેમ કહેવાય છે ટૂંકમાં રેક્ટર ની ગેરહાજરી કેન્ટીન કોન્ટ્રકર ની કમાવા ની લાલચ ,બહાર ના હલકી ગુણવત્તા વાળા ચટપટા ખોરાક ખાવા જવાની વિદ્યાર્થી ઓને આપાતી બહાર જવાનીપરમિશન, જે વિદ્યાર્થીઓના ભણવાના સમય નો બગાડ આ બધુજ બતાવે છે કે સરકારી કોલેજો માં શિક્ષણ આછું ને લાલીયાવાડી વધારે પ્રતિપાદિત થતી હોય અને આપણે સાંદિપની વગેરે ઋષિ મુનિ ના અરણ્ય માં ભણતા રાજકુમારો ની સરખામણી હાલના શિક્ષણ સાથે તો નજ કરાય.હવે શિક્ષણ પ્રણાલી માં આમુલચુલ પરિવર્તન અને કડકાઈ ની જરૂર છે ત્યારે ગૃહપતિ પણ કડક હોવા જોઈએ જમવા ને બહાને બહાર ભટકાતા વિદ્યાર્થીઓ જો વ્યસની બને તો જવાબદાર કોણ? હોસ્ટેલ માં રહી ભણતો વિદ્યાર્થી ધ્યેયસભર હોય તોજ સરકારે ખર્ચેલા નાણાં નો સદુપયોજ થયો કહેવાય જ્યારે ભરૂચ ની આ કોલેજ ની કથિત લાલીયાવાડી ની વાતો શહેર ના નાગરિકો માં ચર્ચાય ત્યારે સમગ્ર સરકારી શૈક્ષણિક સંસ્થાઓ ને છાંટા ઉડે એ સ્વભાવિક છે જે માટે સિક્યોરિટી કોન્ટ્રકર ની વિદ્યાર્થીઓ ના આવવા જવાના સમય ની નોંધ.હોસ્ટેલ માં રાત્રી દરમ્યાન ચેકીંગ સમયે વિદ્યાર્થી ની સાચી હાજરી બાબતે ધ્યાન અપાય તે જરૂરી છે જે થકી વિદ્યાર્થીઓ બહાર ભટકતા બંધ થાય.આ બાબતે ઉચ્ચ અભ્યાસ કરેલ ભરૂચ ના ધારાસભ્ય ને રજુઆત થઈ હોય તો નવાઈ નહી.જે બાબતે રાજ્ય સરકારે પણ ચિંતિત થવું જરૂરી છે અન્યથા પ્રજા ના ટેક્સના એટલે કે નાગરિક નાણાં નો બગાડ.!?

ગામેગામના ખેડૂતોના ઓજારોથી બનેલ

‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ને જોઈને દેશનો દરેક ખેડૂત ગર્વ અનુભવશે : મુકેશભાઈ પટેલ

સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિન આરતી અને પૂજન સાથે એકતા રથનું ઓલપાડ તાલુકાના ગામોમાં હરખભેર સ્વાગત

સુરત

સરદાર પટેલના એકતાના સંદેશને ગામેગામ ગુંજતો કરવા રાજ્યભરમાં પ્રારંભ થયેલી પ્રથમ તબક્કાની એકતા યાત્રા અંતર્ગત ઓલપાડ તાલુકાની એકતા યાત્રાનું ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલની આગેવાનીમાં આજરોજ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. એકતા રથે દિવસભર ટકારમા, સરસાણા, કસાદ, પારડી-કોબા, કોબા,, કદરામા, ભાદોલ, વડોલી, અણીતા, મુળદ તેમજ કીમ ગામમાં પરિભ્રમણ કરી ગ્રામજનોને સરદાર પટેલના એકતાના સંદેશ અને ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ પ્રોજેક્ટ વિષે માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરદાર સાહેબના એકતા અખંડિતતાના રાષ્ટ્ર ચેતના ભાવને જનજન સુધી પહોંચાડવા એકતા યાત્રાનું આયોજન થયું છે, જેને ઓલપાડ તાલુકા સહિત સુરત જિલ્લામાં વ્યાપક જનપ્રતિસાદ મળી રહ્યો છે. સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા બનાવીને ગુજરાતે સરદારને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. ગામેગામના ખેડૂતોના ઓજારોથી બનેલી ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ને જોઈને દેશનો પ્રત્યેક ખેડૂત ગર્વ અનુભવશે, નવી પેઢી સરદારની પ્રતિમા નિહાળીને રાષ્ટ્રના સપૂત સરદારના જીવનમાંથી પ્રેરણા લેશે એમ તેમણે ઉમેર્યું હતું.

વિશ્વની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ ગુજરાત અને દેશ માટે એક વિરલ અને ઐતિહાસિક ઘટના બનશે, ઉપરાંત પ્રવાસન ક્ષેત્રમાં ગુજરાતને આગળપડતું સ્થાન મળશે એમ શ્રી પટેલે ગૌરવભેર જણાવ્યું હતું.

ધારાસભ્યશ્રી પટેલ સહિત સરપંચ, ગ્રામજનોએ એકતા રથની સરદાર પટેલની પ્રતિકૃતિને ફૂલોની માળા પહેરાવી આદરાંજલિ આપી હતી. એકતા રથના આગમન સાથે જ ગ્રામજનોએ ફૂલહાર અને કુમકુમ તિલક કરી એકતા યાત્રાને ઉમળકાભેર વધાવી હતી. આ પ્રસંગે સરપંચશ્રી મનહરભાઈ પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન પદ્માબેન પટેલ, અગ્રણી શ્રી યોગેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

એમ્બ્રોઈડરી કારખાનેદાર સાથે રૂા.૮.૭૪ લાખની છેતરપિંડી

જોબવર્ક કરાવી વેપારીએ પેમેન્ટ ચૂકવ્યું નહીં

સુરત, તા. ૨૬

સાડીનું જોબકામ કરાવી રૂા.૮.૭૪ લાખનું પેમેન્ટ નહીં કરનાર યુનિવર્સલ માર્કેટના શ્રી હરિ ટેક્ષફેબના માલિકો વિરૂદ્ધ એમ્બ્રોઈડરી કારખાનેદારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગોડાદરા કેશવપાર્ક સોસાયટીમાં રહેતાં એમ્બ્રોઈડરી કારખાનેદાર ગેનારામ પાંચુરામ ચૌધરીએ આરોપી શ્રી હરિ ટેક્ષફેબ તથા વરૂણ તિન્કા ફેબ્રિક્સના બળદેવભાઈ લક્ષ્મીચંદ સ્વામી, પ્રવિણ ચંપકલાલ વૈલ્લાવ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી પાસે સાડીનું જોબકામ કરાવી મજૂરીના રૂા.૮,૭૪,૨૪૨ નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. પુણા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.



કામદાર સંગઠન દ્વારા સુરત મહાનગરપાલિકાના વડા મથક પાસે રસ્તા પર બેસી વિરોધ પ્રદર્શન કરવામાં આવતા ટ્રાફિક જામ સર્જાવાને પગલે પોલીસે કામદાર યુનિયનના આગેવાનો તથા વિરોધ પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી.

મહાનગરપાલિકા કચેરી પાસે કામદાર યુનિયન દ્વારા રસ્તા રોકો આંદોલન

ચક્કાજામ કરી દેવાતા પોલીસ યુનિયનના આગેવાનો તથા કાર્યકરોને ઉઠાવી ગઈ

સુરત

સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અને નવી ભર્તી રોકવા માટે વાલ્મીકી સેના દ્વારા આજે સુરત મહાનગરપાલિકા સમક્ષ ચક્કાજામ કરતા પોલીસ દ્વારા ૫૦ થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામદારોના પડતર પ્રશ્નોનો નિવેડો નહીં કરતા અને હાલમાં ૪ કલાક સફાઈ કામદારોને કાયમી નહીં કરી નવી ભર્તી માટેની પ્રક્રિયા શરૂ કરી છે. તેના વિરોધમાં આજે વાલ્મીકી સમાજ દ્વારા મહાનગરપાલિકા સમક્ષ ચક્કાજામ કર્યો હતો. મનપા કમિશનર, સ્ટેન્ડીંગ ચેરમેનને આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની કચેરી બહાર ચક્કાજામથી ટ્રાફિક જામ થયો હતો. જેના પગલે પોલીસે ૫૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

કચ્છમાં અનુ.જાતિ.ના છાત્રાના મુત્યુ અંગે અનુ.જા.ના વિવિધ સંગઠનો દ્વારા પશ્ચિમ કચ્છ એસ.પી. અને કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું





ભુજ કચ્છઃ કચ્છમાં અનુ.જાતિ.ના છાત્રાના મુત્યુ અંગે અનુ.જાતીના વિવિધ સંગઠનો દ્વારા પશ્ચિમ કચ્છ એસ.પી. અને પશ્ચિમ કચ્છ કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.આજરોજ સ્વામીબાપા કોમર્સ કોલેજની વોર્ડનની ધરપકડ કરવા અને ભુજમાં મણિનગર ગાદી સંસ્થાન સંચાલિત મુક્તજીવન સ્વામીબાપા કૉલેજના ટ્રસ્ટી રામજી હિરાણી વિરુદ્ધ ગુન્હો દાખલ કરવા માટે કચ્છ જિલ્લા કલેકટર અને પશ્ચિમ કચ્છ એસ.પી. ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

વિથોણ ગામ તાલુકા નખત્રાણા કચ્છ જિલ્લાની અનુસૂચિત જાતિની યુવતીને આજે દેશ આઝાદ થયો તેના ૭૦ વર્ષ બાદ પણ જાતિવાદી વલણ રાખી ષડ્યંત્ર રચીને ભુજની મણિનગર ગાદી સંસ્થાન સંચાલિત મુક્તજીવન સ્વામીબાપા કૉલેજની હોસ્ટેલ દ્વારા સમયસર સારવાર ન કરાવી તેને મરતા મજબૂર કરાવેલ છે. જે ઘટના તા.૧૮/૧૦/૨૦૧૮ના રોજ બનેલ હતી આજે ૮ દિવસ થઈ ગયા બાદ પણ પોલીસ દ્વારા તે આરોપી મહિલાની ધરપકડ કરવામાં આવતી નથી. શા માટે મહિલા આરોપીની ધરપકડ આવતી નથી ?? એવી કઈ શક્તિ છે કે જેના કારણે આરોપીની ધરપકડ કરવામાં આવતી નથી ??

આ કેસમાં તપાસ અધિકારી અને સંસ્થા વચ્ચે આર્થિક વ્યવહારના કારણે ધરપકડ કરવામાં આવતી નથી

એટ્રોસિટી એક્ટના નવા નિયમ અનુસાર ૧૮-એ કલમ મુજબ એટ્રોસીટી દાખલ થાય કે તરત જ આરોપીની ધરપકડ કરવાની હોય છે. પરંતુ પોલીસ દ્વારા આ માલેતુજાર સંસ્થાને સમય આપી હાઈકોર્ટમાંથી ધરપકડ સામે સ્ટે લઈ આવવા માટે એની સાથોસાથ આ સંસ્થાના ટ્રસ્ટી રામજીભાઈ હિરણ આ ઘટનાના ત્રીજા દિવસે ગુજરાતમાં સ્ટેટમેન્ટ આપેલ છે કે અમે સાચા છીએ આ દલિતો સમાજ કલ્યાણ તેમજ વકીલની સહાય અને રૂપિયા પડાવવા એટ્રોસિટીના કેસો કરતા હોય છે.અને એમ પણ કહ્યુ કે અમે હાઈકોર્ટમાંથી આ ની ધરપકડ પર સ્ટે લઈ આવશું આનો મતલબ સીધો એવો થાય છે કે આ કેસમાં તપાસ કરનાર અધિકારી અને સંસ્થા દ્વારા આર્થિક વ્યવહાર થયેલ છે. જેના લીધે આઠ દિવસ સુધી ધરપકડ કરવામાં આવી નથી અને સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા હાઈકોર્ટમાંથી સ્ટે લઈ આવેલ છે.

દલિત અધિકાર મંચ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે આ સંસ્થાના ટ્રસ્ટી રામજીભાઈ હિરાણીએ સમસ્ત અનુસૂચિતજાતિ સમાજનો અપમાન કરેલ છે કે દલિતો રૂપિયા પડાવવા એટ્રોસિટીના કેસ કરે છે. તેની સામે એટ્રોસિટીની ફરિયાદ નોંધવામાં આવે અને આ કેસની તપાસ કરનાર અધિકારી પાસેથી તપાસ લઈ અન્ય અધિકારને સોંપવામાં આવે. આમ જાતિવાદનો ભોગ બની મુત્યુ પામનારના પિતા જયંતીભાઈ બેંકમાં નોકરી કરે છે તેને ક્યારે શિષ્યવૃતિ નથી લીધી કે થયાના બીજા દિવસે આવેલ સમાજ કલ્યાણ અધિકારીને લેખિતમાં સહાય ન લેવાનું જણાવેલ છે છતાં આ સંસ્થા દ્વારા સમસ્ત અનુસુચિત જાતિ સમાજનો અપમાન કરેલ છે.

આમ કચ્છ જિલ્લાના ઓલ ઈન્ડિયા એસસી, એસટી, ઓબીસી, માયનોરિટી મહાસંઘ, રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ, રાષ્ટ્રીય દલિત અધિકાર મહાસંગ, એકલનારી શકિત મંચ, આંબેડકર યુવા ભીમ સેના(માનકુવા), યુવાભીમ સેના (ભૂજોડી), આંતરરાષ્ટ્રીય ભીમ સેના (કચ્છ), અખિલ કચ્છ મેઘવંશી મેડીકલ ગ્રુપ દ્વારા આપ શ્રીને નમ્ર વિનંતી છે કે આ આરોપી મહિલાની વોર્ડન ની ધરપકડ કરવામાં આવે અને આ સંસ્થાના ટ્રસ્ટી રામજી હિરાણી સામે ગુન્હો નોંધવામાં આવે.



ગોડાદરાની કેશવનગર સોસાયટીમાં આવેલા મકાનના રૂમમાં ગઈકાલે મોડીરાત્રે ગેસ સીલીન્ડરનો પ્રચંડ ધડાકો થતા મકાનની દિવાલ અને સ્લેબનો હિસ્સો ધરાશાયી થવાની દુર્ઘટનામાં બે લોકો ઘાયલ થયા હતા.

ગોડાદરા ગેસ સિલિન્ડરમાં પ્રચંડ ધડાકો મકાનનો સ્લેબ અને દિવાલો ધરાશાયી

દિવાલો તૂટીને આસપાસના મકાન પર પડતા નુકસાનઃ બે લોકો ઘાયલ

સુરત

ગત રાત્રે ગોડાદરા સુપર સિનેમાં નજીક કેશવ નગર ખાતે બીજા માળના મકાનમાં એલપીજી સિલિન્ડરમાં બ્લાસ્ટ થતા ધડાકાભેર સ્લેબ અને આજુબાજુની દિવાલોનો ભુખ્ખો બોલાયો હતો. આ દુર્ઘટનામાં બે લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રાત્રે ૧૧ વાગ્યાના સુમારે ગોડાદરા સુપર સિનેમા પાસે કેશનગરપ્લોટ નં. ૯૨માં બ્રિજ મોહન હરીપ્રસાદ ગૌતમની માલિકીનું ગ્રાઉન્ડ ફલોર સાથે બે માળનું મકાન છે. બીજા માળે મકાનમાં ગત રાત્રે અચાનક એલપીજી સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. જેના લીધે બીજા માળનો સ્લેબ અને બન્ને દિવાલો તૂટી હતી. તેમજ આજુબાજુના બે મકાનનો પણ નુકસાન થયું હતું.

આ દુર્ઘટનામાં કૈલાસ મેઘવાડ અને ઈન્દ્ર નારાયણસિંહ દાઝી જતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ધડાકો એટલો જોરદાર હતો કે બીજા માળનો સ્લેબ અને દિવાલ તૂટવાની સાથે આજુબાજુના બે મકાનોને પણ નુકસાન થયું હત. સિલિન્ડર ધડાકા બાદ બિલ્ડિંગ નુકસાન થતા તાત્કાલિક ફાયર સ્ટાફે લીંબાયત ઝોનને જાણ કરી હતી. લીંબાયત ઝોનમાં સ્ટાફ દ્વારા રાત્રે જ ભયગ્રસ્ત મકાનનો કાટમાળ ખસેડવાની સાથે મકાન ખાલી કરાવ્યું હતું. આજુબાજુના મકાનો માટે ભયગ્રસ્ત થયેલ મકાનનો જોખમી ભાગ ઉતારવા માટે જરૂરી ડિમોલીશન પણ કરવામાં આવ્યું હતું. બિલ્ડિંગ સ્ટાફના રિપોર્ટ બાદ મકાન રહેા યોગ્ય છે કે નહીં તે અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.

સુરતના હીરાના વેપારી સાથે મુંબઈના ચાર વેપારીઓની ૪ લાખની ઠગાઈ

કાપોદ્રાના વેપારી પાસેથી હીરા ખરીદી ચાર વેપારીઓ હાથ ઊંચા કરી દીધા

સુરત

મુંબઈના ચાર હીરા વેપારીએ કાપોદ્રાના હીરા વેપારી પાસેથી રૂા. ૩૪ લાખના હીરાની ખરીદી કરી રૂપિયા નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મોટાવરાછા રુદ્ર બંગ્લોઝમાં રહેતા આશિષભાઈ મહેશભાઈ તળાવિયાએ આરોપી અજય ડાંખરા (અંધેરી) રોશક શાહ (નાળા સોપારા) નિકુંજ રંગાણી (બાંદ્રા) રવિ લાઠિયા (બાંદ્રા) વિરુદ્ધ કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ અમીતભાઈ બોરડા મારફતે ફરિયાદી પાસેથી રૂપિયા ૩૪ લાખની કિંમતના હીરાની ખરીદી કરી હતી. આરોપીઓએ ફરિયાદીને રૂપિયા નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. કાપોદ્રા પોલીસે ફરિયાદના આધારે ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૦૯, ૧૧૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કાપોદ્રામાં એક્ટિવા મોપેડની ડીકી તોડી રોકડા રૂા. ત્રણ લાખની ચોરી

વિદ્યાર્થીને રૂા. ત્રણ લાખ ડીકીમાં મૂકી દેવાની ભૂલ ભારે પડી

સુરત

કાપોદ્રાના વિદ્યાર્થીના એક્ટિવા ગાડીની ડિકીમાંથી રોકડા રૂપિયા ત્રણ લાખ ચોરાયા હતા. ડીકીમાંથી મોટી રકમની ચોરી થવા અંગે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કાપોદ્રા ચીકુવાડી માતૃછાયા સોસાયટીમાં રહેતા વર્ષિયભાઈ વિનુભાઈ માંગરોળિયાની એક્ટિવા ગાડીમાંથી રોકડા રૂપિયા ત્રણ લાખ અજાણ્યો વ્યકિત ચોરી કરી ગયો હતો. આ બનાવ અંગે વર્ષિયભાઈ માંગરોલિયાએ કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરી છે. રોકડા રૂા. ત્રણ લાખ જેવી માતબર રકમ ડીકીમાં મૂકી મોપેડ પાર્ક કરવાના સમય દરમિયાન ડીકી તોડી ચોરી થતા પોલીસે આસપાસના સીસી ટીવી કેમેરા ચેક કરવા સાથેના જુદી જુદી દિશામાં તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

આંગણામાં ટેમ્પો ખાલી કરવાની ના પાડતા ગૃહિણીને માર મરાયો

ચાર લોકોએ મહિલાને લોખંડના સળિયાથી ફટકારી

સુરત

કામરેજ તાલુકાના ખોલવડ ગામ ખાતે લાકડાનો ટેમ્પો ખાલી કરવાની ના પાડતા ઉશ્કેરાઈ ગયેલા ચાર ઈસમોએ મહિલા પર લોખંડના સળિયા વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે આઈપીસી-૩૨૩, ૩૨૫ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ તાલુકાના ખોલવડ ગામના માયાવંશી ફળિયામાં વસુબેન મુકેશભાઈ પરમાર રહે છે. ૪૦ વર્ષની આ પરિણીતા ગૃહિણી છે. ગત દિવસોમાં ખોલવડ ગામના માહ્યાવંશી ફળિયામાં રહેતા રાજુભાઈ મિશ્રા લાકડાનો ટેમ્પો વસુબેનના ઘરની પાછળ ખાલી કરતા હતા. ત્યારે વસુબેનના ઘરની પાછળ ખાલી રતા હતા ત્યારે વસુબેને ટેમ્પો ખાલી કરવાની ના પાડતા ઉશ્કેરાઈ ગયેલા રાજુભાઈ મિશ્રા, રંજનબેન મિશ્રા, સંતોષભાઈ મિશ્રા તથા પ્રકાશભાઈ મિશ્રા વિગેરેઓએ લોખંડના સળિયા વડે હુમલો કરી શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તેણીને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

બળાત્કાર પીડિતાનું મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન નોંધવા પોલીસની કોર્ટમાં અરજી

આરોપી સ્વામીનારાયણના સાધુના પોલીસ રિમાન્ડ આજે પુરા

સુરત

ડભોલી ચાર રસ્તા પાસે આવેલા સ્વામી નારાયણ મંદિરના સાધુ બાબાએ એક યુવતિ સાથે બળાત્કાર ગુજારવાના મામલે કતારગામ પોલીસે પીડિતાનું સીઆરપીસી - ૧૬૪ મુજબનું નિવેદન નોંધાવવા માટે એક અરજી ચીફ કોર્ટ સમક્ષ કરી હતી. જોકે, આ અરજી પર અદાલતને હાલમાં કોઈ તારીખનો ઓર્ડર કર્યો ન હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ડભોલી ચાર રસ્તા પાસે સ્વામીનારાયણ મંદિર આવેલુ છે.

આ મંદિરમાં નિકુંજ સ્વામી નામનો મહારાજ રસોડાનની કામગીરી સંભાળી રહ્યા છે. નિકુંજ સ્વામી અને વચેટીયા બાઈ બેરીબેન વચ્ચે અત્યાર સુધીમાં ફોન પર ૩૮ વાર વાત-ચીત થઈ ચૂકી હતી. બેરીબેન પાસે જહાંગીરપુરાની રહેવાસી એક મહિલા તબીબી ખર્ચ માટે મદદની માંગણી કરતા તેણીએ નિકુંજ સ્વામીનો સંપર્ક કરાવ્યો હતો. અને ત્યારબાદ મદદ મેળવવાના બહાને યુવતી સાધુબાવાનો સંપર્ક કરતી હતી. નિકુંજ સ્વામીએ તેની સાથે બબ્બે વાર બળાત્કાર ગુજારતા તેણીએ કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બાવાની ધરપકડ કરી શુક્રવાર સુધીના રિમાન્ડ મેળવ્યા હતા. પોલીસે પીડિતાનું નિવેદન નોંધાવવા માટે ૧૬૪ મુજબની અરજી પણ કોર્ટમાં કરી હતી.

સ્કૂલમાંથી ટીવી અને તેલનો ડબ્બો ચોરાયો

સુરત

ગોવટ ગામની એક પ્રાથમિક શાળાના મધ્યાહ્ન ભોજન રૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશી એલઈડી ટીવી તથા તેલનો ડબ્બો મળી કુલ્લે ૧૬ હજારની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ઉમરપાડા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માંડવી તાલુકાના કાટકૂવા ગામમાં રમેશભાઈ વસાવા રહે છે. તેઓ ઉમર પાડા તાલુકાના ગોવટ ગામની પ્રાથમિક શાળામાં નોકરી કરે છે. આજથી કેટલાક દિવસો પહેલા સ્કૂલના સ્ટાફના રૂમ તથા મધ્યાહ્ન ભોજન રૂમના દરવાજાને મારેલુ તાળુ તોડી અંદર પ્રવેશી એલઈડી ટીવી તથા સિંગતેલનો ડબ્બો મળી કુલ્લે ૧૬ હજારની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવની જાણ સ્કૂલના સ્ટાફને કરવામાં આવતા રમેશભાઈ વસાવાએ ઉમરપાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૪૫૪, ૪૫૭ તથા ૩૮૦ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા સરદારનું યોગ્ય સમયે યોગ્ય સન્માન : મોહનભાઈ ઢોડીયા

સુરત

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા ''સ્ટેચ્યુ ઓફ યુનિટી''નું આગામી તા.૩૧મી ઓકટોમ્બરના રોજ રાષ્ટ્રાર્પણ થનાર છે. જે ક્ષણોને યાદગાર બનાવવા એકતાનો સંદેશો લઈને એકતા યાત્રા રથ ગામે ગામ ઘૂમી રહ્યો છે. આજરોજ મહુવા તાલુકાના કાની ગામે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાએ એકતા યાત્રારથને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, અખંડ ભારતના શિલ્પીવ મહામાનવ સરદાર વલ્લ ભભાઈ પટેલની વિશ્વભરમાં સૌથી ઉંચી વિરાટ પ્રતિમાનું તેમની જન્મર જયંતિ અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા રાષ્ટ્રાને અર્પણ થનાર છે, જે ગુજરાત અને દેશ માટે એક વિરલ અને ઐતિહાસિક ઘટના બનશે. દેશને એક તાંતણે બાંધનાર સરદારને 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' દ્વારા યોગ્ય સમયે યોગ્ય સન્માન આપ્યું છે એમ જણાવતાં શ્રી ઢોડિયાએ કહ્યું કે, સરદાર સાહેબના જીવનમાંથી પ્રેરણા લઈને દેશના વિકાસમાં સહભાગી થવા સૌને અનુરોધ કર્યો હતો.

મોરબીમાં કરોડોની જમીન હડપ કરવાના કોભાંડ કેસમાં આરોપી વકીલની ધરપકડ

મોરબીમાં સતવારા વૃદ્ધની માલિકીની કરોડોની કીમતી જમીન પચાવી પાડવા માટે વકીલ સહિતનાઓએ કાવતરું રચીને ખોટા પુરાવાઓને આધારે સાટાખત કરી છેતરપીંડી આચરી હોવાની ફરીયાદને પગલે એલસીબી ટીમે એક આરોપીની અટકાયત કરી છે

મોરબીના માધાપર વિસ્તારના રહેવાસી મલાભાઇ અરજણભાઈ ઉર્ફે અજાભાઈ હડીયલ (ઉ.વ.૬૨) વાળાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે આરોપી જગદીશ વાઘરીયા રહે રાજકોટ, ડી એમ પારેખ વકીલ રહે મોરબી શક્તિ પ્લોટ, જી એમ બારોટ વકીલ રહે પુનીતનગર, ધનાભાઈ સુરાભાઈ રબારી રહે શકત શનાળા મોરબી, એમ જે વાઘેલા વકીલ રહે રાજકોટ, વિજયસિંહ ડાભી રહે મેટોડા રાજકોટ, વનરાજ જેસંગભાઈ સીતાપરા રહે સુરેન્દ્રનગર અને હરદીપ જેના મોબાઈલ નં ૮૭૩૪૯ ૮૧૧૬૫ આરોપીઓએ પૂર્વ નિયોજિત કાવતરું રચીને ફરિયાદી અને સાહેદોને વિશ્વાસમાં લઈને સંયુક્ત માલિકીની જમીન વેચાણ કરવી હોય જેથી જાહેર નોટીસ આપી પ્રેસનોટની નોટીસ બનાવી તેમાં ફરિયાદી અને સાહેદોની સહીઓ લઈને જે જાહેરનોટીસના સહીવાળા પાનાનો ખોટા સાટાખત બનાવવામાં ઉપયોગ કરીને સાટાખતમાં ફરિયાદી અને સાહેદોની સહી સામે તેમના પુત્રના ફોટો ચોટાડી આરોપીઓએ સહી કરી ખોટા ચૂંટણીકાર્ડ ઉભા કરીને સાટાખતમાં નોટરી કરી સાક્ષી તરીકે બે આરોપીએ સહી કરી ખોટું સાટાખત બનાવી સાચા તરીકે ઉપયોગ કરી વિશ્વાસઘાત અને ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધાવી હતી

જે કરોડોની જમીન કોભાંડ કેસની તપાસ ડીવાયએસપીને સોપવામાં આવી હોય ડીવાયએસપીના માર્ગદર્શન હેઠળ એલસીબી ટીમે નોટરી અને વકીલ ડી એમ પારેખ રહે મોરબી વાળાની ધરપકડ કરી છે જયારે અન્ય આરોપીને શોધવા પોલીસ વિવિધ સ્થળે તપાસ ચલાવી રહી છે

ચોરી પે સીના જોરી'' ગેરકાયદેસર પાણી કનેક્શન લેનાર શખ્સે પાલિકા કર્મચારીને માર માર્યો

વાંકાનેર નગરપાલિકાના કર્મચારીને પોતાની ફરજ બજાવતા રોકી ને તેના પર લાકડાના ધોકા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ વાંકાનેર સીટી પોલીસ મથકમાં નોંધાઈ છે તો વાંકાનેર પોલીસે ફરજમાં રૂકાવટ તથા મારમારીનો ગુન્હો નોંધી વધુ તપાસ ચલાવી છે.

વાંકાનેરમાં નાગા બાવાની જગ્યા પાસે આરોપી રમેશભાઈ ભરવાડએ ગેરકાયદેસર પનીનું કનેક્શન લીધેલ હોય છે નગરપાલિકામાં ફરજ બજાવતા મહેન્દ્રસિંહ આણદસિંહ ઝાલા તથા અન્ય કમચારીઓ તે કનેક્શન કાપવા જતા આરોપી રમેશભાઈ ભરવાડને સારું નહિ લાગતા મહેન્દ્રસિંહ ઝાલાને તેમજ સાહેદને ભૂંડાબોલી ગાળો આપી પાવડાના હાથા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની તથા ફરજમાં રુકાવટની ફરિયાદ વાંકાનેર સીટી પોલીસ મથકમાં મહેન્દ્રસિંહે નોંધાવી છે તો વાંકાનેર સીટી પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે વધુ એક વખત લકઝરીયર્સ કાર સાથે દારૂના જથ્થા સાથે કુખ્યાત બટલેગરને ઝડપયો...



ભરુચ જિલ્લામાં દારૂની હેરાફેરી કરતા ચાર શખ્સો ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડયા છે. જેઓ પોલીસને ગુમરાહ કરવા લકઝરી કારનો વિદેશી દારૂની ખેપ મારવા માટે ઉપયોગ કરતા હતા. દરમિયાન ક્રાઈમ બ્રાંચે કેબલ સ્ટેઈડ બ્રિજ પાસેથી બે લકઝરી કારમાં ભરેલા રૂપિયા એક લાખ ઉપરાંતનાં દારૂના જથ્થા સાથે ૪ શખ્સોને ઝડપી પાડયા હતા. તેમની પાસેથી બે કાર સહિત અન્ય મુદ્દામાલ મળી કુલ રૂપિયા ૧૮ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ઝડપેલ આરોપીઓમાં નયન ઉર્ફે બોબડો કિશોર કાયસ્થ ભરતકુમાર મગનલાલ પટેલ, રજનીકાંત રમણપટેલ,યોગેશ શનુભાઈ મિસ્ત્રીને ઝડપી પાડીને વધુ તપાસ એલસીબી ભરૂચ ચલાવી રહી છે.

ઉધના-લીંબાયત રેલ બ્રિજના ગર્ડર મૂકવા અંગે રેલ બ્લોક આજે

સુરત

ઉધના રેલવે સ્ટેશન નજીક ગરનાળા પાસે ઉધના-લીંબાયત રેલવે ઓવરબ્રિજ ઉપર ગર્ડર ચડાવવા માટે આજે પશ્ચિમ રેલવે દ્વારા બ્લોક ૨૬ કરીને આવતીકાલે ૧૧.૩૦ થી ૧.૩૦ દરમિયાન બ્લોક ફાળવ્યો છે. ગતરોજ સુરત મુંબઈ મુખ્ય લાઈન ઉપર ૬ ગર્ડર ચડી ગયા છે. તાપ્તી લાઈન અને યાર્ડમાં હજી ૧૦ ગર્ડર ચડાવવાના બાકી છે.

સુરત મહાનગરપાલિકા બ્રિજ વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ઉધના-રેલવે ફૂટપાથ ઓવર બ્રિજના રેલવેની હદમાં ગડ્ર ચડાવવા માટે પશ્ચિમ રેલવે પાસેથી બ્લોકની માંગણી કરવામાં આવી હતી. ગતરોજ ૧૧.૩૦ ૧.૩૦ દરમિયાન ૨ કલાકનો બ્લોક મળતા સુરત-મુંબઈ વચ્ચેની મુજબ લાઈન ઉપર ૬ ગર્ડર ચડાવી દેવામાં આવ્યા હતા આજબે કલાકનો બ્લોક રેલવે દ્વારા૨૬ કરીને આવતીકાલે શનિવારે સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ દરમિયાનન બ્લોક ફાળવ્યો છે. તાપ્તી ઉપર ૪ યાર્ડમાં ૪ અને મુંબઈ લાઈન તથા તાપ્તી લાઈન વચ્ચેના ૨ ગર્ડર મળી કુલ ૧૦ ગર્ડર ચડાવવાના બાકી છે. આવતીકાલે ૨ કલાક દરમિયાન તાપ્તી લાઈન ઉપરના ૪ ગર્ડર ચડાવવાને પ્રાથમિકતા આપવામાં આવશે. રેલવેની હદના તમામ ગર્ડર જો ચડી જાય તો આગામી બે ત્રણ મહિના દરમિયાન આ બ્રિજની કામગીરી પૂર્ણ થઈ જશે અને લોકાર્પણ કરી દેવામાં આવશે. બ્રિજ સેલ દ્વારા સતત પશ્ચિમ રેલવેના સંપર્ક કરીને બ્લોક માટેની માંગણી કરવામાં આવી હતી. જેના પગલે ગત રોજ ૨ કલાકનો અને આવતીકાલે ૨ કલાકનો બ્લોક મંજૂર કરવામાં આવ્યો હતો.

મહુવામાં વાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

સુરત

મહુવા ગામની પૂર્ણા નદીના નવા પુલ પરથી પસાર થતી એક મારૂતિવાનમાંથી પોલીસે તપાસ કરતા ભારતીય બનાવટની ઈંગ્લિશ તથા બિયરની ૯૩૬ નંગ બોટલ કિંમત રૂા. ૬૦ હજાર તથા મારૂતિની કિંમત ૨ લાખ મળી કુલ્લે ૨.૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એક બુટલેગર ચાલકની ધરપકડ કરી હતી. જ્યારે દારૂ તથા બિયરનો જથ્થો મોકલનાર એક ઈસમને પોલીસે વોન્ટેડ બતાવ્યો હતો.

બારડોલી તાલુકાના ઉમરાખ ગામના મંદિર ફળિયા ખાતે રહેતા અરવિંદ કેશવભાઈ હળપતિ પોતાની મારૂતિ વાન (જીજે૧૫ પીપી૨૮૨૧)માં વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો દારૂ તથા બીયરની નંગ ૯૩૬ કિંમત રૂા. ૬૦ હજારની લઈને મહુવા પૂર્ણા નદીના પુલ પરથી પસાર થતા હતા ત્યારે મહુવા પોલીસે તેમની કારને આંતરીને તપાસ કરી દારૂનો જથ્થો ઝડપી પાડી ચાલકની ધરપકડ કરી હતી. દારૂનો જથ્થો મોકલનાર બારોલિયા ગામના પટેલ ફળિયામાં રહેતા હેતુલ ઉર્ફે લાલુ અશોક પટેલને પોલીસ ચોપડે વોન્ટેડ બતાવ્યો હોવાનું જાણવા મળે છે.

તોલમાપ કાયદાનો ભંગ કરનાર ૪૪ વેપારીઓને દંડ ફટકારાયો

નવસારી, ડાંગ અને વલસાડમાં ઠેક ઠેકાણે મુદ્રાંકનની તપાસ

વલસાડ

મદદનીશ નિયંત્રક કાનૂનીમાપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા સપ્ટેમ્બર - ૨૦૧૮ દરમિયાન ધી લીગલ મેટ્રોલોજી એકટ ૨૦૦૯ અને ધી ગુજરાત લીગલ મેટ્રોલોજી(એન્ફોર્સમેન્ટ) રૂલ્સ અન્વયે વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના કુલ ૧૮૪૯ વેપારી એકમોની ચકાસણી અને મુદ્રાંકનની કામગીરી હાથ ધરી ચકાસણી અને મુદ્રાંકનની રૂા.૧૫,૮૧,૨૨૬/- સરકારી ફી વસુલ કરવામાં આવી છે. વજનમાપ તથા પીસીઆર કાયદાના ભંગ કરવા બદલ ૪૪ વેપારી એકમો સામે પ્રોશીકયુશન કેસ કરી રૂા.૧૬,૧૦૦ નો દંડ વસુલ કરાયો હતો. આ ઉપરાંત ઉમરગામ તાલુકાના ભિલાડ ખાતે મોબાઈલ કોર્ટનું આયોજન પણ કરાયું હતું. જેમાં ૪૦ વેપારી એકમો સામે કેસ કરી રૂા.૧૨૦૦૦/- નો દંડ સ્થળ ઉપર જ વસુલ કરાયો હતો. જ્યારે નવસારી ખાતે આવેલી બજરંગ ટોઈઝ એન્ડ ગીફ્ટ સામે રમકડાં ઉપર નક્કી કરેલી કીંમત કરતાં વધુ ભાવ લેવા બાબતે કાયદેસરની કાર્યવાહી કરી રૂા.૨૦૦૦/-નો દંડ વસુલ કરાયો હોવાનું મદદનીશ નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારી શ્રી બી.આર. વિશાણા દ્વારા જણાવાયું છે.

દેશની સૌપ્રથમ દહેજથી ઘોઘા રો-પેક્સ ફેરી સર્વિસનો આજથી પ્રારંભ

દરરોજ ૩૪૦૦ લોકો ટ્રક, કાર, બસઅને બાઈક સાથે મુસાફરી કરી શકશે

સુરત

દહેજથી ઘોઘા વચ્ચે રો-રો ફેરી સર્વિસનો આવતીકાલથી રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા પ્રારંભ કરાવવામાં આવશે. અગાઉ ૨૨મી ઓક્ટોબર ૨૦૧૭ના રોજ તત્કાલિક મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અહીથી હાઈસ્પીડપેસેન્જર ફેરી સર્વિસનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રોજેક્ટ દેહજ અને ઘોઘા વચ્ચે ખંભાતના અખાતમાં શરૂ કરાયો છે, દહેજ અને ઘોઘા વચ્ચે ફેરી સર્વિસનું સંચાલન કરનાર ડીટોકસના એમડી ચેતન કોન્ટ્રક્ટરે જણાવ્યું હતું કે, રો-પેક્સ ફેરી સર્વિસથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ વચ્ચેનું અંતર ઘટશે અનેબિઝનેશને વધુ પ્રોત્સાહન મળશે. આ સર્વિસને કારણે કાર્ગો અનેમુસાફરોનો સમય ઘટશે અને ૧૦ થી ૧૨ કલાકનો સમય બચી જશે. આ સર્વિસમાં ૬૦ ટ્રક, ૪૦ કાર, ૪૦ બાઈક, ૫ લકઝરી બસો અને ૫૨૫ પેસેન્જરોનો સમાવી શકાશે. ભાવનગરથી સુરત વચ્ચેની રાઉન્ડટ્રીપમાં હાલમાં ૩૬ કલાકનો સમય લાગે છે , જે હવે ૧૨ કલાકમાં પૂર્ણ થશે. જેના કારણે બસ અને ટ્રક ઓપરેટરોની આવકમાં વધારો થશે. વાહનો માટે ઘટેલા સમયને કારણે જમીનમાં નિકળતા બળતણના વપરાશમાં પણ ઘટાડો થશે. સુરતથી ભાવનગર વચ્ચે એન્ડ ટુ એન્ડ પેસેન્જર બસ સર્વિસ શરૂ કરશે. પેસેન્જરો સુરત, ભરૂચ અથવા અંકલેશ્વરથી બસમાં બેસી શકશે અને ભાવનગરમાં ઉતરી શકશે. આ બસ દહેજ અને ઘોઘા વચ્ચે પ્રવાસ કરશે, આ બસ સર્વિસ માટેનું એન્ડ ટુ એન્ડ ભાડુ વ્યક્તિ દિઠ રૂ. ૫૦૦ રહેશે. ખાસ કરીને જૈન સમુદાય માટે પાલિતાણાની મુલાકાત માટે ખાસ ટ્રીપનું આયોજન કરી રહી છે. મુંબઈથી પ્રવાસ કરતાં લોકોને પાલિતાણા પહોંચતાં સામાન્ય રીતે ૩ દિવસ લાગે છે, પરંતુ ફેરી સર્વિસને કારણે આ પ્રવાસ માત્ર ૩૬ કલાકમાં પુરો થશે. આ ઉપરાંત નજીકના ભવિષ્યમાં કચ્છ- સુરત, કચ્છ-મુંબઈ અને પીપાવાવ-મુંબઈ વચ્ચે સર્વિસ શરૂ કરવામાં આવશે. આ અંગે જહાજો નક્કી થઈ ગયા છે. આ સર્વિસને કારણે ગુજરાત અને સૌરાષ્ટ વચ્ચે પ્રવાસનો સમય ઘટશે.

૩૧મી ઓકટોબર રાષ્ટ્રીય એકતા દિન નિમિત્તે રન ફોર યુનિટી યોજાશે

૩૧મી ઓકટોબર સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ દિવસે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે રન ફોર યુનિટી તા. ૩૧/૧૦/૨૦૧૮ ના રોજ સવારે ૮-૦૦ કલાકે પોલીસ અધિક્ષકની કચેરી, વલસાડ ખાતેથી સર્કિટ હાઉસ, આઝાદ ચોક, મોંઘાભાઈ હોલ, થઈ પોલીસ અધિક્ષકની કચેરી ખાતે પરત આવશે. આ રન ફોર યુનિટી કાર્યક્રમમાં ભાગ લેવા પોલીસ અધિક્ષક શ્રી સુનિલ જોશી દ્વારા જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

નોટબુકના વેપારી સાથે રૂા. ૧.૨૮ લાખની ઠગાઈ

સુરત

નોટબુકના વેપારી સાથે બમરોલીના વેપારીએ રૂપિયા ૧.૨૮ લાખની ઠગાઈ કરી હતી. આ બનાવ મામલે ઉધના પોલીસ મથકે ફરિયાદી નીલકંઠભાઈ વિનુભાઈએ

ઉધના પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સરથાણા ગજાનંદ સોસાયટીમાં રહેતા નીલકંઠભાઈ વિનુભાઈ જાગાણી પાસેથી આરોપી મનોજ નટવરલાલ ગણદેવીવાળા (કાશીનગર, બમરોલી રોડ) એ રૂપિયા ૧,૨૮,૩૮૮ની કિંમતની નોટબુકનો જથ્થો ખરીધ્યો હતો. જેનું પેમેન્ટ નહીં આરોપી મનોજ ગણદેવીવાળાએ વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. ઉધના પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વલસાડ જિલ્લાની સરકારી કચેરીઓમાં અનઅધિકૃત વ્યકિતઓ/ઇસમોના પ્રવેશ પર પ્રતિબંધ

વલસાડ

વલસાડ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.આર.ખરસાણે ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી અને બહુમાળી મકાનમાં આવેલી સરકારી કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જયાં રોજે - રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વાજબી કામ સબબ આવ્યા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરીને કામ કરાવવા કે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતાં અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતઓ/ઇસમોના પ્રવેશ ઉપર તાત્કાલિક અસરથી તા.૦૮/૧૧/૨૦૧૮ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.

ઠંડી વધવાને બદલે ઘટી : ગઈકાલ કરતા આજે ૩ ડીગ્રી વધુ તાપમાન

નવસારી જિલ્લામાં પણ લઘુત્તમ તાપમાન ઉંચુ નોંધાયું

સુરત

શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં નજવો વધારો ઘટાડો થતા મીશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે ન્યુનતમ તાપમાનમાં ૩ ડીગ્રીનો વધારો નોંધાયો છે. સુરતમાં ૨૪.૭ ડીગ્રી અને નવસારીમાં ૧૮.૭ ડીગ્રી ન્યુનતમ તાપમાન નોંધાયું છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૭.૩ ડીગ્રી નોંધાયું છે. જયારે ન્યુનતમ તાપમાન ૨૪.૭ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૬ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬.૪ મિલીબાર નોંધાયું છે. શહેરમાં પૂર્વ-દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે શહેરનું ન્યુનતમ તાપમાન ૩ ડીગ્રી વધ્યું છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે નવસારીનું ન્યુનતમ તાપમાન ૧૮.૭ ડીગ્રી નોંધાયું છે. ગતરોજ ન્યુનતમ તાપમાન ૧૫.૨ ડીગ્રી નોંધાયું હતું. આમ નવસારીમાં પણ ૩ ડીગ્રી તાપમાન વધ્યું છે.

આજે એકતા રથયાત્રા ગણદેવીના વિવિધ ગામડાઓમાં પ્રવેશ કરશે

નવસારી

નર્મદા જિલ્લા કેવડીયા સાધુબેટ ખાતે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનિટનું દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા.૩૧ મી ના રોજ લોકાર્પણ કરશે. જેના સંદર્ભે નવસારી જિલ્લામાં એકતા રથ યાત્રાનો પ્રારંભ થયો છે. એકતા રથ યાત્રાને જલાલપોર તાલુકો, નવસારી તાલુકામાં ગામેગામ ઉષ્માભર્યા ગ્રામજનો ધ્વારા સ્વાગત કરી સરદાર પટેલને ભાવાંજલિ આપી હતી. ગણદેવી તાલુકામાં તા.૨૭/૧૦/૧૮ ના રોજ સાલેજ, કોલવા, કછોલી, ધમડાછા, દેવધા, ભાઠા, કલમઠા, છાપર, સરી બુજરંગ, કોથા, માસા, અમલસાડ આવી પહોંચશે.

એકતા રથ તા.૨૮/૧૦/૧૮ ના રોજ ગણદેવી નગરપાલિકા, વડસાંગળ, ખેરગામ, ધનોરી, ગણદેવા, એંધલ, અંભેટા, પાટી, કેસલી, નાંદરખા, ઉંડાચ(વા.ફ.) અને બીલીમોરા ખાતે સ્વાગત કરાશે.

તા.૨૯/૧૦/૧૮ ના રોજ એકતા રથયાત્રા ધોલાઈ, પોંસરી, બીગરી, વણગામ, ખાપરવાડા, ગોયંદી ભાઠલા, વાઘરેચ, તલોધ, દેવસર, ધકવાડા અને આંતલીયા ગામે એકતાયાત્રાનું સ્વાગત કરાશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ૧૩૫ મીટર ઊંચાઈએ આવેલી દ્રશ્ય ગેલેરી-અનોખું નઝરાણું



સ્વયંસંચાલિત આઠ પથ-પાયામાં ફેલાયેલું અદ્યતન પ્રદર્શન અને શ્રેષ્ઠ ભારત ભવન બનશે આકર્ષણના કેન્દ્રો

સ્ટેચ્યુના નિર્માણમાં ૭૦ હજાર ટન સિમેન્ટ, ૨૪ હજાર ટન સ્ટીલ અને ૧૭૦૦ મે. ટન કાંસુ વપરાયું છે

રાજપીપળા : આઝાદી બાદ એકતા અને અખંડિતતાના બળે સમગ્ર દેશને એકસૂત્રે બાંધીને પોતાના શક્તિ-સામર્થ્યનો વિશ્વને પરિચય આપનારા લોહપુરુષ સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ''સ્ટેચ્યુ ઓફ યુનિટી''ના નિર્માણ દ્વારા વિરલ વ્યક્તિને ગુજરાતે વૈશ્વિક ઓળખ આપી છે. આ સ્મારકના નિર્માણથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વમાં ઊંચામાં ઊંચી પ્રતિમાના નિર્માણનો સંકલ્પ સાકાર થયો છે.

વિશ્વની સૌથી ઊંચી એવી કાંસ્ય આચ્છાદિત પ્રતિમાની ઊંચાઈ ૧૮૨ મીટર છે. સરદાર સરોવર પ્રોજેક્ટથી માંડીને આસપાસનો કુદરતનો શ્રેષ્ઠ નજારો નિહાળી શકાય તે માટે આ પ્રતિમામાં ૧૩૫ મીટરની ઊંચાઈએ ૨૦૦ વ્યક્તિઓને સમાવતી દ્રશ્ય ગેલેરીનું પણ નિર્માણ કરાયું છે. પ્રતિમાની અંદર દ્રશ્ય ગેલેરી સુધી જવા માટે એક મીનીટમાં ૨૪૦ મીટરની ઝડપથી ઊંચે ચડતી ૨૪ વ્યક્તિઓને સમાવતી અતિ ઝડપી એવી બે લિફ્ટનું નિર્માણ કરાયું છે. દ્રશ્ય ગેલેરીલાકાતીઓ માટે અતિ રોમાંચક ક્ષણ બની રહેશે.

આ સ્મારકના પાયામાં ૪,૬૪૭ ચો.મી.ના વિસ્તારમાં ફેલાયેલું વિશાળ અને અદ્યતન પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ ઉપરાંત આ પરિસરમાં આઠ સ્વયં સંચાલિત પથ હશે અને એક એપ્રોચ બ્રિજ પણ હશે. આ ઉપરાંત આ સંકુલની મુલાકાતે આવનારા પ્રવાસીઓ માટે ૨૬૪ની બેઠક ક્ષમતા ધરાવતા કાફેટેરિયાની સુવિધા છે. શ્રેષ્ઠ ભારત ભવનમાં દેશના પ્રત્યેક રાજયને સાંકળી લેવામાં આવશે. ત્રણ તારક હોટેલની પણ અહી સુવિધા ઊભી થશે.

સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા એવા આ સ્મારકના નિર્માણમાં ૭૦ હજાર ટન સિમેન્ટ વાપરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૧૮,૫૦૦ ટન રિ-ઈન્ફોર્સમેન્ટ સ્ટીલ અને ૬૦૦૦ ટન સ્ટ્રકચરલ સ્ટીલનો ઉપયોગ કરાયો છે. જયારે સ્ટેચ્યુના નિર્માણમાં ૧૭૦૦ મેટ્રીક ટન કાંસુ પણ વાપરવામાં આવ્યું છે.

આ વિશિષ્ટ સ્મારકના નિર્માણ માટે ૨૫૦ ઈજનેરો અને ૩૭૦૦ કારીગરોએ દિવસ-રાત કામ કર્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૪મી જન્મજયંતિએ આ સ્મારક રાષ્ટ્રને અર્પણ કરશે ત્યારે સમગ્ર વિશ્વમાં સરદાર પટેલની આ સૌથી ઊંચી પ્રતિમા એકતા, અખંડિતતા અને શાંતિ માટે વૈશ્વિક પ્રેરણારૂપ બનશે.

રાજપીપળા શહેર માં ડે એન્ડ નાઈટ સફાઈ અભિયાન ની શરૂઆત







પાલિકા પ્રમુખ જિગીષાબેન ની સૂચના અને સફાઈ ની પ્રત્યક્ષ દેખરેખ સાથે સફાઈ કામગીરી શરુ

રાજપીપળા : રાજપીપળા શહેર માં હાલ રાત દિવસ સફાઈ ની કામગીરી ચાલુ કરવામાં આવી છે જેમાં દિવસે જે સફાઈ કામગીરી ટ્રાફિક ના કારણે અધૂરી હોય એ જગાઓ ઉપર રાત્રે પણ સફાઈ કામદારો હાલ સફાઈ કરી રહ્યા છે ત્યારે આવનારા સમય માં કોઈ રોગચાળો ન ફેલાય અને લોકો બીમારી ના સકંજા માં ન સપડાય એ બાબતનું ખાસ ધ્યાન આપવા પાલિકા પ્રમુખ જિગીષાબેન ભટ્ટ જાતે સફાઈ કામદારો પર નજર રાખી કામગીરી કરાવી રહ્યા છે ત્યારે આવનારા દિવસો માં રાજપીપળા શહેર માં ગંદકી ના કારણે થતો રોગચાળો નહીં જોવા મળે એમ લાગે છે પરંતુ ખુદ પાલિકા પ્રમુખ સફાઈ બાબતે જાગૃતતા રાખી શહેર ને સ્વછ રાખવા બીડું ઝડપતા હોય ત્યારે શહેર ના નાગરિકો ની પણ ફરજ બને છે કે સફાઈ કામદાર સફાઈ કરી ગયા બાદ પોતાના ઘર કે દુકાન નો કચરો ગમે ત્યાં ન નાખી યગ્ય જગ્યા પર ખાલી કરે અથવા પાલિકા કર્મચારીઓ ને આપી શહેર ને સ્વછ રાખવા મદદરૂપ બને તો આવનારા દિવસો માં રાજપીપળા શહેર સ્વછતા બાબતે ગુજરાત માં સૌથી આગળ હશે .

હું જાતે નજર રાખી દિવસ રાત સફાઈ કરાવી જરૂરી સૂચના આપું છું : જિગીષાબેન ભટ્ટ

પાલિકા પ્રમુખ જિગીષાબેન એ જણાવ્યું કે હાલ ચારેક દિવસ થી અમારી સફાઈ ટિમો ને ડે એન્ડ નાઈટ સફાઈ કરવા સૂચના આપી છે અને જ્યાં જરૂર જણાય ત્યાં હું જાતે રાત્રે પણ હાજર રહું છું ખાસ પ્રતિબંધિત પ્લાસ્ટિક ના વપરાશ પર રોક લાગે એ માટે પણ હવે અમે કડક પગલાં લઈશું .

મોરબી ના ટંકારા મા ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સજા અને ૧૩ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

એક માસમાં ૧૩ લાખનું વળતર ના ચુકવે તો વધુ છ માસની સજા

ટંકારા કોર્ટમાં ચેક રીટર્ન કેસ મામલે ટંકારા કોર્ટે ચુકાદો આપીને આરોપીને કસુરવાન ઠેરવ્યો છે અને એક વર્ષની જેલની સજા અને ૧૩ લાખનું વળતર એક માસમાં ચૂકવવાનો આદેશ આપ્યો છે

ચેક રીટર્ન કેસની મળતી માહિતી મુજબ ટંકારામાં વર્ષ ૨૦૧૬માં મોટા ખીજડીયાના અજયરાજસિંહ પૃથ્વીરાજસિંહ ઝાલાએ આરોપી ધર્મેશભાઈ ચંદ્રકાંતભાઈ ઉર્ફે ચંદુભાઈ શીશાંગીયાને બીમારીના ઈલાજ માટે મિત્ર દાવે ૧૦ લાખની રકમ થોડો સમય માટે હાથ ઉછીના આપ્યા હતા જે સમય પૂરો થતા ધર્મેશ ચંદ્રકાંતભાઈ ઉર્ફે ચંદુભાઈ શીશાંગીયાએ ઉછીના નાણા પેટે તા. ૦૫-૧૧-૨૦૧૬ ના રોજ ચેક આપ્યો હતો પરંતુ ચેક રીટર્ન થયો હતો જેથી ફરિયાદીએ વકીલ ચેતન પી સોરીયા મારફત ટંકારા એન કે યાદવની કોર્ટમાં કેસ કર્યો હતો જેમાં ફરિયાદીના વકીલ ચેતન પી સોરીયાની ધારદાર દલીલો અને પુરાવાઓને આધારે કોર્ટે આરોપી ધર્મેશ ચંદ્રકાંતભાઈ ઉર્ફે ચંદુભાઈ શીસાંગીયાને કસુરવાન ઠેરવીને એક વર્ષની સજા ફટકારી છે અને ફરિયાદીને રકમ ૧૩,૦૦,૦૦૦ નું વળતર એક માસમાં ચૂકવવાનો હુકમ કર્યો છે જો આ વળતરની રકમ આરોપી ના ચુકવે તો વધુ છ માસની સજા કરવાનો હુકમ કરવામાં આવ્યો છે

ભરૂચ એસઓજી પોલીસે સી ડિવિઝન પોલીસ મથકના ગુનામાં નાસતો ફરતો આરોપીને ઝડપી પાડ્યો

ભરૂચ જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના અને માર્ગદર્શન હેઠળ દ્વારા નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓ ને પકડવાની ડ્રાઈવના અનુસંધાન ને એસ.ઓ.જી.ચાર્ટર મજુબની કામગીરી અથે પોલીસ ઈન્સપેક્ટર પી.એન.પટેલ તથા પોલીસ સબ ઈન્સપેક્ટર કે.એમ. ચૌધરી તથા હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર ઝુલેલાલ

તેમજ પો.કોન્સ્ટેબલ. મો.ગફુરાન મો.આરીફ, પો.કોન્સ્ટેબલ, રાહુલ રાયજી એસ.ઓ.જી.ભરૂચનાઓ ભરૂચ ડીવીઝનમાં વીસ્તારમાં પેટ્રોલીગમા હાજર હતા. દરમ્યાન બાતમી આધારે ભરૂચ શહેર "સી" ડીવીઝન પોલીસ સ્ટે,ગુનાં,નબંર-III ૨૮૮/૨૦૧૮ પ્રોહીબીશન ૬૫એ-ઇ,૯૮(૨) તથા ૮૧ મજુબના ગનુના કામનો નાસતા ફરતા/વોન્ટેડ આરોપી ઈમરાન ઉર્ફે મમ્મુ ઈકબાલ અલ્લારખા રહે, ઉ.વ.૩૧,રહે,ભરૂચ મુસ્લીમ ખારવવાડ વેજલપુર વિસ્તારમાંથી પકડી પાડી ભરૂચ શહેર"સી" ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવેલ છે.

મોરબી મા દિવાળી પૂર્વે જીએસટીની તડાફડી, મોરબીમાં ૩૨ ડીફોલ્ટરની તપાસ અને ૯.૧૦ કરોડની રીકવરી!

રાજ્ય સરકારના ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગ દ્વારા અનેક કેસોમાં ટેક્સની વસુલાત નથી થઈ ત્યારે હાલ યુધ્ધના ધોરણે તપાસની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે મોરબીના એક સિરામિક યુનિટ સહીત સાત એકમોમાં દર્દો દરમિયાન થયેલ કાર્યવાહી બાદ આજે ૨.૭૫ કરોડની રીકવરી મેળવી હતી તેમજ જીએસટી વિભાગની ટીમ દ્વારા ફરીથી તપાસનો દોર આગળ વધાર્વામાવ્યો હતો અને ૩૨ ડીફોલ્ટર મળી કુલ ૯ કરોડ ૧૦ લાખની રીકવરી કરવામાં આવી છે

જીએસટીના વિભાગ ૧૦ ના અધિકારીઓની ટીમ દ્વારા કલમ ૭૧ હેઠળ મોરબી સહિતના કુલ ૩૨ એકમોમાં તપાસ કામગીરી હાથ ધરવામાં આવી હતી મોટાભાગના એકમો એકમો મોરબીમાં હોવાનું જાણવા મળ્યું છે આ ૩૨ એકમોમાં અધિકારીઓએ તપાસ હાથ ધરતા કુલ કુલ નવ કરોડ દસ લાખની રીકવરી મેળવી હતી ઉપરાંત મોરબી તથા વાંકાનેરમાં છ પેટ્રોલપંપ વેટ વિભાગના ડીફોલ્ટરની યાદીમાં આયવા હતા ત્યાં તપાસ કામગીરી આગળ વધારવામાં આવી હતી

જેમાં કુલ ૯૮ લાખ ૩૧ હજારની રીકવરી પેટે જમા કર્યા હતા અને તપાસ કામગીરી દરમિયાન કેટલાક પેટ્રોલપંપો બોગસ હોવાનું અધિકારી પાસેથી જાણવા મળ્યું છે જે અંગે પોલીસ ફરિયાદની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું પણ સુત્રો જણાવી રહ્યા છે જીએસટી લાગુ થયા બાદ થતી ટેક્સ ચોરી અને રીટર્ન ફાઈલિંગની સમસ્યાના મુદ્દે જીએસટી કમિશનર અને જોઈન્ટ કમિશ્નર સાથે અન્ય અધિકારીઓની વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી અને ટેક્ષ ચોરી રોકવા સઘન પગલા લેવામાં આવી રહ્યા છે જે કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે તેવું જીએસટી કચેરીના સુત્રો જણાવી રહ્યા છે.

ભાગડાવાડા અને ભાગડા ખૂર્દ ખાતે પાળા બનાવવા રૂા.૩૬૮ લાખની ગ્રાંટ મંજુર

વલસાડ -વલસાડના ભાગડાવડા અને ભાગડાખૂર્દ ગામે દરિયાના ખારા પાણી ગામમાં પ્રવેશતા જમીન અને ભૂગર્ભ વળને નુકશાન થતુ અટકાવવા વલસાડ ધારાસભ્યશ્રી ભરતભાઇ પટેલે દ્વારા મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને જળ સંપત્તિ વિભાગના મંત્રીશ્રીને રજૂઆત કરી હતી. ધારાસભ્યની રજૂઆતને ધ્યાને લઇ જળ સંપત્તિ વિભાગના મંત્રીશ્રી પરબતભાઇ પટેલ દ્વારા પાળા બનાવવા માટે રૂા.૩૬૮.૬૮ લાખની ગ્રાંટ મંજુર કરવામાં આવી છે. આ કામો મંજુર થવાથી વર્ષો જુની માંગ સંતોષાશે જેથી ગામલોકોમાં ખુશીનો માહોલ છે. આ કામની વહીવટી તેમજ ટેન્ડરીંગની પ્રક્રિયા બાદ શરૂ કરાશે .

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા કેવડીયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે

રાજપીપળા :- ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા તા. ૨૭ મી ઓક્ટોબર, ૨૦૧૮ ને શનિવારના રોજ સવારના ૧૧-૦૦ વાગે નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકામાં કેવડીયા કોલોની ખાતે વડાપ્રધાનના હસ્તે તા.૩૧ મી ઓક્ટોબરના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓના નિરીક્ષણ અર્થે સ્ટેચ્યુ ઓફ યુનિટી-પ્રતિમા સ્થળ તેમજ ઉક્ત કાર્યક્રમ સંદર્ભના વિવિધ સ્થળોની મુલાકાત લઇ જાત માહિતી મેળવશે. ત્યારબાદ જિલ્લા વહિવટીતંત્ર અને નર્મદા નિગમના અધિકારીઓ તેમજ ઈજનેરો સાથે બેઠક યોજીને પૂર્વ તૈયારીઓ અંગેની સર્વગ્રાહી સમીક્ષા કરશે.